# Surat Jilla Urban Co.- Op. Credit Societie's Federation Ltd.


**Federation Website ની URL : " sudicofed.org " છે.**

Website માં ફેડરેશન દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ ની માહિતી સહકારી મંડળીઓને લગતા અગત્યના પરિપત્રો, અન્ય સંસ્થાઓના નામ,સરનામા આપવામાં આવેલ છે. આ ઉપરાંત બીજો અગત્યનો ઉદ્દેશ છે કે એક જ વ્યક્તિ વિવિધ મંડળીઓમાં સભાસદ બની દરેક જગ્યાએથી લોન લઈને જ્યારે ભરપાઈ ન કરી શકે તો દરેક મંડળીને નુકસાન જ થાય. આવુ થતું અટકાવવા માટે દરેક સભ્ય મંડળીઓ પોતાના સભાસદોના નામ , આધાર અને પાનકાર્ડ ની માહિતી Website ઉપર Upload અથવા Import કરે છે. આથી હવે લોન મંજુર કરતા પહેલા અરજદાર કઇ મંડળીમાં સભાસદ છે તે ચકાસીને જો કોઇ લોન ચાલુ હોય તે જાણી શકાય છે. જેથી લોન આપવી કે નહિ તે નિર્ણય લઇને દરેક મંડળીનું આર્થિક હિત જાળવી શકાય. સભાસદને કોઈ પણ જગ્યાએથી Defaulter તરીકે જાહેર કરવામાં આવ્યો છે કે નહિ તેની પણ ચકાસણી થઇ શકે છે.


આ માટે દરેક સભ્ય મંડળીઓ પોતાનું નામ ,સરનામું Email ID અને મોબાઇલ નંબર ફેડશન ના Email પર મોકલી આપે કે જેથી જે તે મંડળી ને ફેડરેશન તરફથી તે મંડળીને બે User ના નામ અને પાસવર્ડ મોકલી આપશે . બે User માંથી એક Admin અને એક User માત્ર માહિતી જોઈ શકશે. Admin ના Password થી સંસ્થાના સભાસદોની માહિતી Website ઉપર Upload કરી શકાશે.




Member પર ક્લિક કરવાથી Registration થયેલી દરેક સોસાયટીનું લિસ્ટ ઉપર બતાવવામાં આવશે. જે-તે સોસાયટી નું નામ Search કરવા માટે Ctrl+F બટન દબાવવું અને Login થવા માટે Society Short Code જરૂર પડશે તે અહીંથી લઈ લેવો.



* દરેક સોસાયટીમાં પહેલીવાર એક Admin અને એક User નો ID Password Email થકી મોકલી આપવામાં આવશે, એટલે Website માં પહેલીવાર એ જ ID Password થી Enter થવાનું રહેશે.





* અહીં Email દ્વારા આપવામાં આવેલો Admin / User નો ID લખવો. ( અહીં પોતાનો / સોસાયટી નો Email ID લખવાનો નથી. )

**Example:** 1) Bhavesh@ardsoc

* અહીં Email દ્વારા આપવામાં આવેલો Admin / User નો Password લખવો.

* Registration સમયે સોસાયટીના નામ મુજબ નો Short Code આપવામાં આવે છે તે લખવો.





* Email દ્વારા આપવામાં આવેલા ID - Password થી Login થયા પછી તરત જ આ Box Open થાય છે, એટલે Admin અને User એ પોતાનો New Password Reset કરવો ફરજિયાત છે.


ત્યારબાદ સોસાયટી ના Admin એ પોતાની સોસાયટી માં જેટલા Admin / User બનાવવા હશે તે બનાવી શકશે. Admin / User નો ID બનાવતી વખતે નીચે દર્શાવ્યા મુજબનું ID પણ બનાવી શકાય છે. જેમ કે,


**Example:** 1) Bhavesh@ardsoc 2) Monil@katasoc 3) Ramesh@viswsoc

ID એકવાર બની ગયા પછી Change થશે નહિ. ફક્ત Password જ change કરી શકાશે. Admin / User Add કરવા માટે ,





## Manage User : - Add Admin / User







*** Dashboard** :- અહીં કુલ કેટલી સોસાયટીએ Registration કરાવ્યું છે તેની સંખ્યા તથા કુલ સભાસદ અને Defaulter ની સંખ્યા દર્શાવવામાં આવે છે.

*** Search Aadhar - Pan** :- સભાસદનો Pan અથવા Aadhar No. લખી Search Member પર ક્લિક કરવાથી તે કઈ કઈ સોસાયટીમાં સભાસદ છે તેની માહિતી મળી જાય છે.




*** Society Member** :- સભાસદ નું નામ અથવા નંબર લખવાથી ફક્ત જે-તે સોસાયટીના સભાસદ જ જોઈ શકાય છે.




*** Import Member** :- આ Option ફક્ત જે-તે સોસાયટીના Admin થી જ Active થાય છે. Member Import કરવા માટે File ની Type CSV હોવી ફરજિયાત છે અને તેનું Format નીચે મુજબનું હોવું જોઈએ. જેમાં Aadhar No. "12" Character અને Pan No. માં પહેલા 5 Letter Alpha પછીના 4 Letter Numeric અને છેલ્લો 1 Letter Alpha એ મુજબનું હોવું જરૂરી છે. Aadhar અને Pan બંને માંથી એકપણ ખોટો હશે તો તે સભાસદ Import થશે નહિ. Aadhar અને Pan No. નું Example નીચે Photo માં દર્શાવવામાં આવેલું છે.


```
memno,   member_name,                  panno,         aadharno,        joindate,     resigndate
1899,    "Sanjaybhai Bhikhabhai Patel", "AQPPD4645D",  "631298932467",  31/12/1996,   / /
1918,    "Chetanbhai Lakhabhai Patel",  "AAHPZ2074R",  "390076761157",  28/09/1996,   24/11/2025
```

**<u>નોંધ</u> :--**

જેઓ Easy Software નો Programme use કરે છે તેઓની CSV File Easy ના Programme માંથી જ બની જાય છે .

## Report --> Member --> Member List --> Federation Csv --> View


આ File Easysoc ના Back Folder માં Fed_list.CSV નામની File બની જાય છે , તેને Choose File માં Select કરી Upload & Preview Button પર ક્લિક કરવું. ત્યારપછી Import Button પર ક્લિક કરવાથી Member Import થઈ જાય છે . Easy Software સિવાયની બીજી Society જે બીજા Programme use કરે છે તેઓએ CSV File જ્યાં Save કરી હોય ત્યાંથી Choose કરીને Import કરવી.




* સભાસદે લીધેલી લોનની લાંબા સમય સુધી ભરપાઇ નહિ કરે ત્યારે Society એ સભાસદને Defaulter તરીકે જાહેર કરે છે. જો Society Sudicofed ની Website માં પોતાના સભાસદને Defaulter તરીકે Mark કરી દે તો બીજી કોઇ પણ Society તેમને Loan આપશે નહિ અને Society નું આર્થિક હિત જળવાઈ રહેશે.

### Defaulter બનાવવાની Process :---

જેમને Defaulter બનાવવાના હોય તેમને Name/ Member No. લખી search Member Button પર ક્લિક કરવાથી Member ની Details દેખાશે. અહીં Member ના Name ની સામે Mark As Defaulter નું Button દેખાશે.



આ Button પર ક્લિક કરવાથી બીજું Form open થશે તેમાં નીચે બતાવ્યા મુજબ Details ભરી દેવી.


**Add Defaulter**

Member Name

KANUBHAI RUDABHAI [redacted]

Default Date

26-11-2025

Description

Not Paying The Loan

Litigation Type

section 132

Save | Cancel

**<u>નોંધ</u> :--**

Member ને Defaulter બનાવવાનું કાર્ય જે તે સોસાયટી પોતે જ કરી શકે છે. બીજી Society ના Admin/User ફક્ત જોઈ જ શકશે.